# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || registrar@bknmu.edu.in


---

ક્રમાંક/BKNMU/NSS/146/2026 તા. 14/09/2026

વિષય :- "સેવા અને સમર્પણના ૨૫ વર્ષ" અંતર્ગત તા.૧૭ સપ્ટેમ્બર-૨૦૨૬ થી માહે ડીસેમ્બર-૨૦૨૬ દરમ્યાન વિવધ કાર્યક્રમોના આયોજન બાબત.

સંદર્ભ :- માન. રાજ્યપાલશ્રી અને કુલાધીપતીશ્રીની અધ્યક્ષતામાં તા.૧૪-૦૯-૨૦૨૬ના રોજ યોજાયેલ વિડીયો કોન્ફરન્સ મીટીંગ.

પરીપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિડીયો કોન્ફરન્સ મીટીંગમાં મળેલ સુચના મુજબ "સેવા અને સમર્પણના ૨૫ વર્ષ" અંતર્ગત તા.૧૭ સપ્ટેમ્બર-૨૦૨૬ થી માહે ડીસેમ્બર-૨૦૨૬ સુધીમાં સંસ્થાઓ/કોલેજો દ્વારા નીચે મુજબની વિગતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું થાય છે.

(૧) આશીર્વાદનો દીવો, તા. ૧૭/૦૯/૨૦૨૬, સાંજે ૦૭:૦૦ થી ૦૯:૦૦ કલાકે
(૨) G3Q ( ગુજરાત જ્ઞાન ગુરુ ક્વીઝ-૨૦૨૬), તા.૧૮/૦૯/૨૦૨૬ થી તા.૦૨/૦૧/૨૦૨૭ સુધી
(3) સેવા ફર્સ્ટ ઇનોવેશન ચેલેન્જ(Hackathon), તા. ૧૭ સપ્ટેમ્બર-૨૦૨૬ થી માહે ડીસેમ્બર-૨૦૨૬
(૪) સેવાની ગાથા
(૫) નમો સેવા – અનકહી કહાનીઓ (ડ્રામા કોમ્પીટીશન)
(૬) ઇનોવેશનને પ્રોત્સાહન
(૭) સેવા મારું યોગદાન (તા. ૧૭,૨૪ સપ્ટેમ્બર-૨૦૨૬ અને ૧, ઓક્ટોબર-૨૦૨૬ના રોજ)
(૮) ભિંત ચિત્રો અને સ્વચ્છતા અભિયાન (તા. ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૬ થી ૨ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ)

ઉપર્યુક્ત કાર્યક્રમોનું સ્થાનિક કક્ષાએ વહીવટી તંત્ર, સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા આયોજન કરવામાં આવે અને તેમાં સહભાગી થવા જણાવવામાં આવે તો તેમાં સહભાગી થવા તથા તેના અહેવાલની નકલ અત્રેની યુનિવર્સિટીને મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

ઉપર્યુક્ત કાર્યક્રમોનું આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ તબક્કા વાઈઝ આયોજન કરી કાર્યક્રમનો અહેવાલ, ફોટોગ્રાફ્સ, વિડીયો ઈમેલ દ્વારા અત્રેની યુનિવર્સિટીના NSS વિભાગના ઈમેઈલ ID nss@bknmu.edu.in પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

બિડાણ : -
કાર્યક્રમ માર્ગદર્શિકા

પ્રતિ,
(૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના :-
(૧) માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ
(3) નાયબ નિયામકશ્રી, NSS શાખા, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નંબર ૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર



सत्यमेव जयते

**Education Department**

**Government of Gujarat**

# સેવા અને સમર્પણના ૨૫ વર્ષ

## (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)

# આશીર્વાદનો દીવો કાર્યક્રમ

- તમામ સંસ્થાઓ ખાતે ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૭ થી ૯ કલાકે આયોજન
- સંગીત (ભજન ક્લબીંગ) સાથે આશીર્વાદનો દીવો કાર્યક્રમનું આયોજન કરવું
  - ભજન ક્લબિંગ / ભજન મેશ-અપ (Bhajan Mashup) — વિદ્યાર્થીઓ પરંપરાગત અને આધુનિક શૈલીના મિશ્રણ સાથે ભજનોની સતત શ્રેણી (મેડલી) રજૂ કરશે. કોલેજના સંગીત જૂથો, સાંસ્કૃતિક સમિતિઓ અને NSS/NCCના સ્વયંસેવકો તેનું નેતૃત્વ કરશે.
  - 'આશીર્વાદનો દીવો' (Ashirwad ka Diya) - સામૂહિક દીવા આરતી, જેમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્ર માટેની માનનીય વડાપ્રધાનની જીવનભરની મહાન સમાજસેવા બદલ તેમના પ્રત્યે આશીર્વાદ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા દીવા પ્રગટાવશે. દરેક દીવો એક યુવાન નાગરિકના આશીર્વાદનું પ્રતીક છે
- સદર કાર્યક્રમમાં કોઇ પણ મહાનુભાવની છબી રાખવાની નથી.
- હોસ્ટેલમાં પણ કાર્યક્રમ થાય તેવા પ્રકારનું આયોજન
- સદર કાર્યક્રમની ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી અને રીલ બનાવવામાં આવશે.

# આશીર્વાદનો દીવો કાર્યક્રમ

- કાર્યક્રમની રૂપરેખા
  - સાંજે 6:30 – એકત્રીકરણ, બેઠક વ્યવસ્થા, દીવા વિતરણ
  - સાંજે 7:00 – ભજન ક્લબિંગની શરૂઆત
  - રાત્રે 8:30 – સામૂહિક દીવા આરતી (જો ભજનનો કાર્યક્રમ લંબાય તો કોલેજો તેને રાત્રે 9:00 વાગ્યા સુધી ચાલુ રાખી શકે છે)
  - રાત્રે 9:15 – સમાપન
- વ્યવસ્થાપન
  - સ્ટેજ, સાઉન્ડ સિસ્ટમ અને માઇક સાથેનું ખુલ્લું મેદાન અથવા ઓડિટોરિયમ
  - દીવા, તેલ, વાટ – દરેક સહભાગી દીઠ એક; એક મુખ્ય આરતીની થાળી
  - વિદ્યાર્થી સ્વયંસેવક ટીમો: સ્ટેજ, બેઠક વ્યવસ્થા, દીવા વિતરણ અને ભીડ વ્યવસ્થાપન માટે
  - કાર્યક્રમના નામ સાથેનું બેકડ્રોપ/બેનર; ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી

# G3Q

- સેવા અને સમર્પણના ૨૫ વર્ષની ઉપલબ્ધી હેતુ G3Qનું તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ આયોજન
- શાળાના ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ, કોલેજના વિધ્યાર્થીઓ તથા અન્ય નાગરિકો (પ્રજાજનો) ભાગ લઇ શકશે
- G3Q ૨૦૨૬ના તબક્કા:–
  - (i) ચાર અઠવાડિયા: ૧૮ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર – તાલુકા / મહાનગરપાલિકા કક્ષા
  - (ii) ચાર અઠવાડિયા: ૨૯ નવેમ્બર થી ૨૬ ડિસેમ્બર – તાલુકા / મહાનગરપાલિકા કક્ષા
  - (iii) જિલ્લા કક્ષાએ: ૨૮,૨૯ ડિસેમ્બર
  - (iv) રાજ્ય કક્ષાએ: ૧ અથવા ૨ જાન્યુઆરી
- તમામ કક્ષાના વિજેતા ઉમેદવારોને પુરસ્કાર
- G3Q હેઠળ ૧૧ કરોડથી વધારેના ઈનામો આપવામાં આવશે
- તા.૧૮/૦૯/૨૬ના રોજ ૧૦:30 કલાકે માન. મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીમાં Launching કાર્યક્રમનું આયોજન

# સેવા ફર્સ્ટ ઇનોવેશન ચેલેન્જ (Hackathon)

- આયોજન સપ્ટેમ્બર થી ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન
- ગુજરાત સરકારના વિભાગો, કલેક્ટર અને  ડીડીઓ કચેરીઓ, મહાનગર પાલિકાઓ અને વિવિધ ઉદ્યોગો પાસેથી આશરે ૨૦૦ જેટલા પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ
- રાજ્યભરમાંથી અંદાજે ૨૦,૦૦૦  જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે.
- ૧૦૦ થી વધુ વિજેતા ટીમોને કુલ રૂ. ૧ કરોડ સુધીના રોકડ પુરસ્કારો અને પ્રોત્સાહક ઇનામો એનાયત કરાશે.
- Link for Registration - https://ssipgujarat.in/sfic26/  (૧૭/૦૯/૨૬ થી ૧૭/૧૦/૨૬)
- તા.૧૮/૦૯/૨૬ના રોજ ૧૦:૩૦ કલાકે માન. મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીમાં Launchingનો કાર્યક્રમ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવનાર છે જેમાં બહોળી સંખ્યામાં વિધ્યાર્થીઓ અને અધ્યાપકો ભાગ લેશે.

# સેવાની ગાથા

- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થકી સામાન્ય નાગરિક્ના જીવનમાં આવેલ બદલાવ પ્રત્યે નાગરિકો દ્વારા આપવામા આવેલ પ્રતિભાવો (વિડીઓ મારફતે)
- યોજનાઓ જેવી કે RUSA, CMSS, SSIP, i-Hub, IMPACT, વિવિધ સ્કોલરશીપ યોજનાઓ વગેરે

# નમો સેવા – અનકહી કહાનીઓ – Drama Competition

- માન. સંસદસભ્યશ્રીના વિસ્તારની અંદાજે ૫૫૦ કોલેજોમાં નમો સેવા- અનકહી કહાનીઓ - Drama Competition
- રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના સહયોગથી આયોજન
- વિજેતાઓને માતબર રકમના પુરસ્કાર

# Innovationને પ્રોત્સાહન

- રાજ્ય સરકર અને કેન્દ્ર સરકાર દ્વારા  હાલમાં Innovationને પ્રોત્સાહન આપવા બાબતે ભાર મુકવામાં આવેલ છે, જે માટે વિધ્યાર્થીઓ અને નાગરિકોમાં વધારે ને વધારે રૂચિ કેળવાય તે હેતુથી Startup અને Innovation માટેનો પ્રચાર –પ્રસાર વિવિધ સોસીયલ મીડીયાના માધ્યમથી કરવો

# સેવા મારું યોગદાન

- ૨૫ વર્ષના સફળ નેતૃત્વ અન્વયે વિદ્યાર્થીઓને તેનું મહત્વ સમજાય તે હેતુથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા ૨૫ મીનીટનું શ્રમદાન
- શ્રમદાનમાં મુખ્યત્વે સંસ્થા ખાતે સ્વચ્છતા, બ્લડ ડોનેશન કેમ્પ અને NSS મારફતે મેડિકલ કેમ્પ જેવી વિવિધ સેવાપ્રવૃત્તિઓ વગેરેનું આયોજન
- ઉક્ત પ્રોગ્રામનું આયોજન ૧૭ સપ્ટેમ્બર, ૨૪ સપ્ટેમ્બર અને ૧ ઑક્ટોબરના રોજ કરવામાં આવશે
- જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ પ્રકારના કાર્યક્રમમાં વિધ્યાર્થીઓને મોકલવામાં આવશે.

# ભીંત ચિત્રો અને સ્વચ્છતા અભિયાન

- સેવા અને સમર્પણના ૨૫ વર્ષની થીમ તેમજ વિવિધ લોક ઉપયોગી કેંદ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ આધારીત ચિત્રો – સંસ્થાના Prominent Area ની દિવાલો પર
- તા. ૨૪ સપ્ટેમ્બર થી ૨ ઑક્ટોબર દરમિયાન આયોજન કરવામાં આવશે
- સ્વચ્છતાને એક ઝુંબેશ સ્વરૂપે લઇ સંસ્થામાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, સ્ટાફ મિત્રો બહોળી સંખ્યામાં ભાગ લે તે મુજબનું આયોજન